## જન્મદિને વધામણી



શૈલેષ કે વ્યાસ
મો. ૯૮૨૪૩ ૫૧૯૦૪

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફિરંગી
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
કોકો (૩ડી, અંગ્રેજી)
૭.૦૦
**સ્ક્રીન-૪**
તેરા ઈંતઝાર
સવારે ૧૦.૦૦
જુલી-૨
૧.૦૦
તુમ્હારી સુલુ
૪.૦૦, ૭.૦૦
લવની ભવાઈ
૯.૩૦
**સ્ક્રીન-૫**
ફિરંગી
સવારે ૧૦.૦૦
તેરા ઈંતઝાર
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ બાલવિજ્ઞાન કોંગ્રેસમાં રાષ્ટ્રકક્ષાએ

## ‘રોલ ઓફ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ એમેચ્યોર રેડિયો ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ’ પ્રોજેક્ટ નિસર્ગ સાયન્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ રજૂ થશે

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થીની ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કોંગ્રેસ દ્વારા આયોજિત નિસર્ગ સાયન્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ શાળા તરફથી પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. ‘રોલ ઓફ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ એમેચ્યોર રેડિયો ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ’



શિર્ષક હેઠળનો આ પ્રોજેક્ટ રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો છે. આ પ્રોજેક્ટ હેલી પટેલ (ગ્રૂપ લીડર), કશિષ શાહ, વિશ્વા શાહ, મેશ્વા પટેલ, મનસ્વી સોલંકી દ્વારા રજૂ કરાયો હતો, જેમને શાળાનાં શિક્ષક શિલ્પાબેન ત્રિવેદીએ માર્ગદર્શન આપ્યું હતું. શાળા પરિવાર તરફથી આચાર્ય નીરૂબેન પટેલે આ તેજસ્વી વિદ્યાર્થીનીઓ અને માર્ગદર્શક શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# મિલિટ્રી હેડક્વાર્ટર દ્વારા એઈડ્સ દિવસની ઉજવણી






વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી નિમિત્તે મિલિટ્રી હેડક્વાર્ટર્સ અમદાવાદ દ્વારા લેક્ચર, ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શન, ક્વિઝ, સૂત્ર અને નિબંધ લેખન સ્પર્ધાનું વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. મિલિટ્રી હોસ્પિટલ, અમદાવાદના કમાન્ડન્ટ બ્રિગેડિયર એન એસ નારાઈન દ્વારા કેન્દ્રીય વિદ્યાલય-૨ ખાતે આ ઉજવણીનો આરંભ કરાવવામાં આવ્યો હતો. સ્પર્ધાને અંતે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. હેડક્વાર્ટર્સ ખાતે પણ સૈનિકો અને તેમના પરિવારજનો માટે આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે વેસ્ટ ઝોન આંતરવિશ્વવિદ્યાલય

# ખો-ખો મહિલા સ્પર્ધાનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠની શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા આયોજીત વેસ્ટઝોન આંતરવિશ્વવિદ્યાલય ખો-ખો મહિલા સ્પર્ધાનો ઉદઘાટન કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો. ઉદઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગરના કુલપતિ પ્રો. શશિરંજન યાદવ, અતિથિ વિશેષ તરીકે પ્રો. આર. સુબ્રમણ્યમ અને એ. આઈ. યુ. ઓબ્ઝર્વર આર.કે. શર્મા (ભોપાલ) હાજર રહ્યા હતા. અન્ય મહેમાનો તરીકે ડૉ. ભગવાનભાઈ પટેલ, ડૉ. કનુભાઈ નાયક, ડૉ. કમલેશભાઈ પટેલ, તેજસભાઈ ઠાકર હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સંસ્થાના ડીન મુખ્ય આયોજન સચિવ પ્રો. જમનાદાસ સાવલિયાએઆપ્યુ હતું. સ્પર્ધાની રૂપરેખા સહઆયોજક સચિવ ડૉ. ગીતાબહેન પટેલે ાપી હતી. સંસ્થાની બહેનોએ સાંસ્કૃતિક પ્રવૃતિ તરીકે ગરબાનું નિદર્શન કર્યુ હતું. કાર્યક્રમ અંતર્ગત જમનાદાસ સાવલિયાની ૩૭ વર્ષની અવિરત સેવા બદલ ગુજરાતના શા.શિ.નાઅધ્યાપકોએ સન્માન સ્વરૂપે શૉલઓઢાડી હતી. પ્રતિજ્ઞા વાંચનની જવાબદારી ગૂજરાત વિદ્યાપીઠ ટીમની સુકાની અમિના રાઠવાએ સંભાળી હતી. વેસ્ટ ઝોન આંતરવિશ્વવિદ્યાલય ખો-ખો મહિલા સ્પર્ધા ૨૦૧૭-૧૮ની વિધિવત શુભારંભની ઘોષણા મુખ્ય મહેમાન પ્રો. શશિરંજન યાદવે કરી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમમાં આજુ-બાજુના ગામની પ્રાથમિક શાળાઓનાજ્ઞાનધારા શિક્ષણ તીર્થ, સાદરા પ્રાથમિક શાળા અને મોતીપુરા પ્રાથમિક શાળાના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજભાઈ સિલાવટ અને આભાર વિધિ સ્પર્ધાના સહ આયોજન સચિવ ડૉ. ઉદાજી પરમારે કરી હતી.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા એઈડ્સ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨

પ્રેરણા વિદ્યાલય ખાતે એઈડ્સ દિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓને એઈડ્સ આધારિત ફિલ્મ દર્શાવવામાં આવી હતી, જેના માધ્યમથી વિદ્યાર્થીઓને એઈડ્સ અંગેની જાગૃતિ આણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મીણબત્તી પ્રજવલિત કરીને બે મિનિટનું મૌન એઈડ્સન કારણે જાન ગુમાવનાર વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ માટે પાળ્યું હતું.

ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રીએ એઈડ્સ દિવસ તથા તેની ઉજવણીના મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓને વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

# જીઆઈપીએસ દ્વારા ગીતા જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે ગુરુવારે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

શ્રીમદ્ ભગવદ્ગીતા ફક્ત ધર્મગ્રંથ જ નહીં, જીવનગ્રંથ છે એ બાબત પર વિશેષ ભાર મૂકતાં આધ્યાત્મિક મૂલ્યની સાથે જીવનકલા શીખવતા આ ગ્રંથના સાર, જ્ઞાન, ભક્તિ અને કર્મયોગના ત્રિવેણી સંગમના જ્ઞાનપ્રવાહને વિદ્યાર્થીઓએ માણ્યો હતો. શ્રીકૃષ્ણ ભક્તિની સાથે શ્રીમદ્ ભગવદ્ગીતાના મંત્રોનું ગાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ દરરોજ ગીતા પઠન માટે વિદ્યાર્થીઓને સ્કૂલ દ્વારા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સુખાકારી હોય તો જ તે સંપુર્ણ સ્વસ્થ્ય કહેવાય

ગાંધીનગર, તા. ૨

ગીતા જયંતી ઉજવણીના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એએમસી મેટ મેડિકલ કોલેજની અંદર ડૉક્ટર્સ અને સ્ટાફ માટે અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ડૉક્ટર્સ અને સ્ટાફને આધ્યાત્મિક વિજ્ઞાનના સિદ્ધાંતોથી રૂબરૂ કરાવવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં આશરે ૪૦૦થી વધુ વિદ્યાર્થી, સ્ટાફ અને ડૉક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતાં.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની વ્યાખ્યા મુજબ વ્યક્તિને શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સુખાકારી હોય તો જ તે સંપુર્ણ સ્વસ્થ્ય છે તેમ કહેવાય છે. આ પ્રસંગે એલ.જી. હોસ્પિટલના જનરલ સર્જન એન્ડ પ્રોફેસર ડૉ. પ્રશાંત મુકાદમે કહ્યું કે, પશ્ચિમના દેશોમાં ૧૯૪૯ સુધી આધ્યાત્મિકતાનો સમાવેશ કરવામાં આવ્યો નહોંતો. સમયાંતરે આ દેશો પણ આધ્યમિકતાનું મહત્વ સમજતા થયા હતા અને તેમણે તેનો સ્વીકાર કરવો પડ્યો હતો.

ડૉ. મુકાદમે ઉમેર્યું કે, ભગવાન શ્રી કૃષ્ણએ ગીતા સ્વરૂપે જીવન જીવવા માટેના આધ્યાત્મિક સિદ્ધાંતો સમજાવીને ગયા છે. પશ્ચિમના દેશોએ હજુ આધ્યાત્મિકતાને મેડિકલ ટેક્સબૂકમાં સ્થાન આપ્યું નથી. ડૉક્ટર પાસે દર્દી જુદીજુદી તકલીફો લઈને આવે છે. આ તકલીફોનું આધ્યાત્મિક વિજ્ઞાનથી નિરાકરણ લાવી શકાય છે તેવી ડૉક્ટર પાસે સમજણ હોવી જરૂરી છે. દર્દીની માનસિકતા ડૉક્ટરની તમામ વાતો સ્વીકારવાની હોય છે ત્યારે ડૉક્ટર તેની પાસે આવતા દર્દીને આધ્યાત્મિક વિજ્ઞાનનો પણ પરિચય કરાવશે તો દર્દીની સારવારમાં વિશેષ લાભ થઈ શકશે.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) લોકસભાનાં પ્રથમ મહિલા સેક્રેટરી જનરલ પદે તાજેતરમાં કોની નિમણૂંક થઈ છે ?
(એ) રમાદેવી
(બી) સ્નેહલતા શ્રીવાસ્તવ
(સી) સુપ્રિયા મિશ્રા
(ડી) અનુપમા શર્મા

(૨) કયા દેશના એક રાજ્યએ ઈચ્છા મૃત્યુનો કાયદો પસાર કર્યો છે ?
(એ) અમેરિકા (બી) બ્રિટન
(સી) ફ્રાંસ (ડી) ઓસ્ટ્રેલિયા

(૩) ૨૦૧૮માં આયોજિત પુરુષ હોકી વિશ્વકપના શુભંકરનું નામ શું છે ?
(એ) ખેલિયો (બી) ગોલિયો
(સી) ઓલી (ડી) દુબેકો

(૪) કયા ભારતીય મહિલા ખેલાડીએ વર્લ્ડ વેઈટલિફ્ટીંગ ચેમ્પિયનશીપમાં ૧૯૪ કિલોગ્રામ વજન ઊઠાવી ગોલ્ડ મેડલ જીતી લીધો છે ?
(એ) આરતી મલિક (બી) સૈખોમ મીરાબાઈ ચાનુ
(સી) પરમિંદર કૌર (ડી) સવિતા કુમારી

(૫) તાજેતરમાં કોલકતા અને બાંગ્લાદેશ વચ્ચે કઈ રેલવે સેવા શરૂ કરવામાં આવી છે ?
(એ) પક્ષકાર એક્સપ્રેસ (બી) અહમિયત એક્સપ્રેસ
(સી) પરોક્ષ એક્સપ્રેસ (ડી) બંધન એક્સપ્રેસ

(૬) તાજેતરમાં અમેરિકાએ પોતાના નાગરિકોને કયા દેશની યાત્રા કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે ?
(એ) ક્યૂબા (બી) પાકિસ્તાન
(સી) ઈરાક (ડી) સીરિયા

(૭) તાજેતરમાં ઈન્ડિયન સ્પોર્ટ્સ ઓનર પુરસ્કારથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?
(એ) વિરાટ કોહલી - રોહિત શર્મા
(બી) સાઈના નહેવાલ-ગીતા ફોગાટ
(સી) પી વી સિંધૂ અને શ્રીકાંત
(ડી) જ્વાલા ગટ્ટા - સાનિયા મિર્ઝા

(૮) તાજેતરમાં ભારતનો જીડીપી કેટલા ટકા નોંધાયો છે ?
(એ) ૬.૧ ટકા (બી) ૬.૩ ટકા
(સી) ૬.૨ ટકા (ડી) ૬.૪ ટકા

(૯) ૧ ડિસેમ્બર વિશ્વભરમાં કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(એ) વિશ્વ કેન્સર દિન (બી) વિશ્વ રક્તપિત્ત દિન
(સી) વિશ્વ ડાયાબિટીસ દિન (ડી) વિશ્વ એઈડ્સ દિન

(૧૦) ૧ ડિસેમ્બરે પૂર્વોત્તર પૈકી કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?
(એ) નાગાલેન્ડ (બી) આસામ
(સી) ત્રિપુરા (ડી) મણિપુર

# ભાડજ મંદિર દ્વારા ગીતા જયંતિની ઉજવણી





ગાંધીનગર, તા. ૨

હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા ગીતા જયંતિ મહોત્સવની ખૂબ જ ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી જેમાં ભગવદ-ગીતાના ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોકનું પઠન કરવામાં આવ્યું હતુ. તેમજ હરેકૃષ્ણ મંદિરના પ્રેસિડન્ડ શ્રી જગનમોહન ક્રિષ્ના દાસા એ ભગવદ-ગીતાનું મહત્વ સમજાવતા પરિસંવાદ કર્યો હતો. ગીતા જયંતિ ઉત્સવના ઉપક્રમે ‘‘ગીતામંડપ’’ નુ નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મંડપમાં કૃષ્ણકૃપામૂર્તિ શ્રીલા પ્રભુપાદ દ્વારા ‘‘ભગવદગીતા-યથાસ્વરૂપે’’માં વિશેષ રીતે કરેલ નોંધની આવૃતિ તેમજ તેની વિશ્વની આશરે ૮૩ જેટલી જુદી-જુદી ભાષાઓમાં રૂપાંતરીત થેયલ કૃતિઓ મુકવામાં આવી હતી. ઉત્સવ દરમ્યાન ભકિત સંગીત કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો અને અંતમાં મહામંગલા આરતી કરવામાં આવી હતી.

ગીતા જયંતિ ના મહાન પર્વના દિવસે વિશ્વના સમસ્ત વૈષ્ણવો દ્વારા ભગવદ-ગીતા માં આલેખાયલ ભગવાન શ્રીકૃષ્ણના અર્જૂન સાથે થયેલ સંવાદની ઉજવણી કરવામાં આવે છે. વર્ષો પહેલાં કુરુક્ષેત્રની યુધ્ધભૂમિ પર વિરોધી સેનાઓની મધ્યમાં ઉચ્ચારાયેલ ભગવદ્-ગીતા ના પ્રસંગની યાદગીરીરૂપે ગીતા જયંતિ મહોત્સવની ઉજવણી આ દિવસે દરેક મંદિરોમાં, ગ્રામવિસ્તારમાં અને ઘરોમાં કરવામાં આવે છે.

ભગવદ-ગીતાનો સંદેશ તેના તત્કાલીન ઐતિહાસિક સંદર્ભની મર્યાદા ને પાર અને કાલાતીત સત્યો પ્રગટ કરે છે. પ્રશ્ન અને તેના ઉત્તરની ગોઠવણ આધ્યાત્મિક વિષયનું જ્ઞાન આપે છે જેમકે ક્રિયા અને પ્રતિક્રિયા, તેમજ જીવ અને પ્રકૃતિ વચ્ચેનો તફાવત સમજાવે છે. આ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જૂન સાથે પરમેશ્વર તથા કાલચક્રના સિધ્ધાંત વિષે ચર્ચા કરે છે.

અધ્યાય ૪ની શરૂઆતમાં ભગવદ-ગીતા તેના ઐતિહાસિક અસ્તિત્વ વિષે સમજ આપે છે જેના અસ્તિત્વનો વિચાર કરતા તે પડકારરૂપ જણાય છે. સમગ્ર વિશ્વમાં શ્રીકૃષ્ણભક્તિ નો પ્રસરાવ કરવાની ચળવળના પ્રણેતા કૃષ્ણકૃપામૂર્તિ એ. સી. ભકિતવેદાન્તા સ્વામી શ્રીલા પ્રભુપાદ તેમના સાહિત્યમાં જણાવે છે કે ભગવદ-ગીતાનું ઉચારણ આશરે ૧૨૦,૪૦૦,૦૦૦ વર્ષો પહેલા થયેલ હતું અને માનવ સમાજમાં ૨,૦૦૦,૦૦૦ વર્ષો સુધી વિદ્યમાન હતું.

આ ભગવદ-ગીતાનું આશરે ૫૦૦૦ વર્ષોપહેલા ફરીથી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા શરણાગત રૂપે ઉપસ્થિત અર્જૂન સમક્ષ ઉચ્ચારણ થયું હતુ. સ્વયં ગીતાનો અને તેનું ઉચ્ચારણ કરનાર ભગવાન શ્રી કૃષ્ણ પ્રમાણે ભગવદ-ગીતાનો આ એક વર્ણવેલ ઈતિહાસ છે.

જે કોઈ ભક્તો નિયમિત રીતે ગીતા જ્ઞાનનું તેમની બુદ્ધિમત્તા દ્વારા રસપાન કરે છે તેઓ જીવનમાં તેના ઉપયાગની મહત્વતાને સમજે છે. આથી ઘણા લોકો માટે ગીતા જયંતિ મહોત્સવ એ ખાલી ભૂતકાળના પ્રસંગની યાદગીરરૂપે નહીં પણ વર્તમાન સમયમાં ગીતાના અનુરૂપતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાના એક અવસર તરીકે ગણવામાં આવે છે.